ગાંધીનગર સમાચાર



# પ્રભાતે પ્રાર્થના

આ અમારી કેવી દુર્બળતા છે, પ્રભુ
કે સંસારમાં ઘણી વસ્તુઓ મિથ્યા છે
તેવું સાચેસાચ માનીએ છીએ,
છતાં તેને શોધીએ છીએ, તેને જ સાચવીએ છીએ
તે ન મળતાં, કે મેળવીને ગુમાવતાં
કાગારોળ મચાવીએ છીએ
અને એ બધોયે વખત અમે તને ગુમાવીએ છીએ
તારી પાસે આવવાનો અવસર ગુમાવીએ છીએ
તેનું તો અમને ભાન પણ નથી.

અમે દેહની, સંપત્તિની, જાતની
આળપંપાળ કર્યા કરીએ છીએ
કોઈ જરાક માન ન આપે,
ધારેલું જરાક અવળું પડે
કે ઉઝરડાઈ જઈએ છીએ
આકરા પ્રતિભાવો આપીએ છીએ
ઘાવોને સ્મરણમાં જીવતા રાખીએ છીએ

વલણો નક્કી કરીએ છીએ
બંધિયાર બની બેસીએ છીએ.
સંસારની ગલીઓમાં ને રાજમાર્ગ પર
હજારો વેશે, હજાર ચહેરે તું મળી જાય છે

પણ અમે તો એટલાં રોકાયેલાં હોઈએ છીએ
કે અમને થોભવાનો,
તને ઓળખવાનો
સમય નથી હોતોય

જીવનની સ્પર્ધામાં
આગળ નીકળી જવાની આકાંક્ષાથી
પાછળ રહી જવાના ભયથી
સતત દોડતાં રહીએ છીએ.
કોઈક વાર કહીએ છીએ : ‘પછી, પછી.’
હમણાં સમય ક્યાં છે?

તું માર્ગમાં થોડા વિઘ્નો મૂકે છે,
કે અમે સહજ અટકીએ, જરા પાછળ ફરીને જોઈએ;
પણ અમે તો બમણાં ઝનૂનથી આગળ વધીએ છીએ.
અમારી હોશિયારી વડે
અમારા પ્રશ્નોના ઉકેલ શોધીએ છીએ.

અને એક દિવસ બધું જ પડી ભાંગે છે.
તે દિવસ ખ્યાલ આવે છે કે
આ તે કેવી મૂર્ખતા !
પ્રેમ તને કરીએ છીએ એમ માન્યું ને મનાવ્યું
પણ દોટ તો બીજી જ વસ્તુ પાછળ મૂકી
આધાર તો બીજાં જ બળોનો લીધો
પછી સાંજ ઢળ્યે સરવૈયું કાઢ્યું
ત્યારે જણાયું કે કેવી તુચ્છ બાબતોમાં જીવન વહી ગયું
વરદાનોનો ધોધ આંગળીઓ વચ્ચેથી સરી ગયો
દિવસ ડૂબી લગયો ને અંતરમાં દીવો થયો નહીં.

# વિશ્વમાં હિન્દુ ધર્મના પુનરુત્થાનનો પ્રારંભ ઈન્ડોનેશિયાથી

દેશ અને દુનિયા કોરોનાના નવા અને વધુ ખતરનાક આફ્રિકન વેરિયંટથી ચિંતિત છે ત્યારે કોઈએ કલ્પના પણ ન કરી હોય એવી એક નવી ઘટના સાકાર થઈ રહી છે. ઈન્ડોનેશિયા વિશ્વનો સૌથી મોટી મુસ્લિમ આબાદી ધરાવતો દેશ છે એના પછી બીજો નંબર એ મુદ્દે અલબત્ત ભારતનો જ આવે છે. મુસ્લિમ દેશોમાં હિંદુ ધર્મનું આકર્ષણ વધી રહ્યું છે. યુરોપ-અમેરિકામાં તો એ ઈસ્કોનના સંતોએ ઊભું કરેલું જ છે. તાજેતરમાં ઈન્ડોનેશિયાનાં રાજકુમારી સુકમાવતી સુકર્ણોએ વિધિવત્ હિંદુ ધર્મ અંગીકાર કર્યો છે. એમના સમર્થનમાં હજારો દેશવાસીઓ ઈસ્લામનો ત્યાગ કરી હિંદુ ધર્મ ધારણ કરી રહ્યા છે. ઈન્ડોનેશિયામાં હિંદુઓ લઘુમતીમાં છે - માત્ર બાલી દ્વીપમાં હિંદુઓ બહુમતીમાં છે. ત્યાં કોઈ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ કે ભારતીય જનતા પાર્ટી નથી. પરંતુ હિંદુ સનાતન ધર્મ આવાં સામાજિક સંગઠનો કે રાજકીય પાર્ટીઓનો મોહતાજ નથી. જર્મનીથી આવેલા વિદ્વાન મેક્સમૂલરથી લઈ મહાન નાટ્યકાર બર્નાર્ડ શૉને હિંધુ ધર્મ આકર્ષતો રહ્યો છે. મહાત્મા ગાંધી જયારે તરવરિયા યુવાન તરીકે ઈંગ્લેન્ડ બેરિસ્ટર બનવા ગયા હતા ત્યારે એમને ખ્રિસ્તી ધર્મમાં સામેલ કરવાના અનેક પ્રયાસો થયા હતા. એમની આત્મકથામાં ‘હૃદયમંથન’ શીર્ષક હેઠળ પૂરાં બે પ્રકરણો છે. જેમાં વિશ્વના તમામ ધર્મોની તુલનામાં એમને પોતાને વારસામાં મળેલો મહાન ધર્મ ચડિયાતો લાગ્યો હોવાની બહુ જ વિનમ્ર ભાવે એ કબૂલાત કરે છે. બાબાસાહેબ આંબેડકરે પણ હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતાનો વ્યાપક પ્રભાવ જોઈ દલિતોને બૌદ્ધ ધર્મ તરફ વાળવા પ્રયાસ કર્યો હતો. એમણે તે વખતે ખ્રિસ્તી ધર્મ અપનાવવાની સલાહ આપનારાનો તોટો નહોતો. પરંતુ તેઓએ પરંપરાની રૂએ ભારતની ભૂમિમાં પ્રગટેલા સમ્યક્ ધર્મ પર કળશ ઢોળ્યો હતો. ખુદ એમને પણ આશ્ચર્ય સાથે આઘાત લાગ્યો હશે કે એમની હાકલ પર - અનેક યાતનાઓ સહન કરતા હોવા છતાં - બહુ જૂજ સંખ્યામાં દલિતો જોડાયા હતા. હિંદુ ધર્મનો અલબત્ત જરા પુનરાવલોકનની જરૂર તો છે જ. સ્વામી સચ્ચિદાનંદજી જેવા ક્રાન્તદષ્ટાએ અને એમના પૂર્વસૂરિઓ સમા સ્વામી દયાનંદ સરસ્વતી કે વિવેકાનંદે આ મુદ્દે ઘણું મહત્ત્વનું ચિંતન કરેલું છે. દેશની રાજનીતિમાં હિંદુત્વ મુદ્દો છેલ્લા એકાદ દાયકાથી કેન્દ્રવર્તી બની રહ્યો છે. ‘હિંદુ રાષ્ટ્ર’ની વિભાવનાને સંઘના ધુરંધરો પણ હવે વ્યાપક સંદર્ભે જુએ છે.

**તંત્રીસ્થાનેથી...**

વિદેશવાસી ભારતીયોને ત્યાંની પ્રજા હિંદુ ગણીને જ ચાલે છે. એક યુનાઈટેડ સ્ટેટ્સ અમેરિકા સ્થિત પ્રખર જયોતિષીએ અગાઉ હિંદુત્વના મુદ્દે ચૂંટણી લડી રહેલ પાર્ટીના વિજયની અને નરેન્દ્ર મોદીના રાજયારોહણની આગાહી કરેલી. એ આગાહી એમણે ૨૦૧૩માં કરી હતી. એ પછી ૨૦૧૯ની ચૂંટણી પૂર્વે પણ એમને મોદી ફરી વાર વડાપ્રધાન બનશે એવી આગાહી કરી હતી. હવે એ જ જયોતિષીએ ૨૦૨૪ની ચૂંટણી વખતે મોદીના જ નેતૃત્વમાં ભાજપ સત્તામાં આવશે એવી આગાહી સાથે યોગી આદિત્યનાથના રાજકીય ઉત્થાનની ભવિષ્યવાણી કરી છે. મોદી ૨૦૨૫ના અંત સુધીમાં સ્વેચ્છાએ ક્ષેત્ર સંન્યાસ લઈ યોગીને રાષ્ટ્રની ધુરા સોંપતા જશે જે ૨૦૩૩ સુધી દેશનું હિંદુ સનાતન સિદ્ધાંતો મુજબ નેતૃત્વ કરશે એવી આગાહી સૂચક છે. ભારત માતા કી જય !!!

# શાસ્ત્રોમાં કહેવાયું છે કે આયુર્વેદ તો જગતને દરિયો વલોવવાની મહેનત વિના સાંપડેલું સાક્ષાત અમૃત છે




‘અહીંનું સમગ્ર વાતાવરણ જ આપણને આહલાદક લાગે એવું છે.’ સાહિત્યપ્રેમી જીવ કુમારીલ ડાંગોદરાએ કહ્યું.

‘આ ભૂમિમાં સત્સંગ અને સેવાના ધબકારા ઝીલાયા છે.’ અધ્યાત્મ - ધર્મને શિક્ષણ જગતના મુકેશભાઈ પટેલે ઉમેર્યું.

‘અહીંથી આયુર્વેદ ઉપચાર પદ્ધતિનું ઉત્તમ કાર્ય થશે.’ મોટા ભાગના મહેમાનોએ કહ્યું.

અવસર હતો મહેસાણા જિલ્લાના કલોલ તાલુકાના આવેલા વડસ્મા ગામના શ્રી સત્સંગી સાકેત ધામ, ‘રામ આશ્રમ’ ના સંકુલમાં યોજાયેલા પંચમુખાત્મક ત્રિદિન સાધ્ય સૂર્યયાગ સહિતના પાંચ દિવસીય સમારોહનો.

ભારતીય સંસ્કૃતિમાં સાક્ષાત દેવ રુપે સૂર્યનારાયણની વંદના થાય છે અને સત્સંગનો મહિમા પરાપૂર્વથી સચવાય છે ત્યારે SIR કેમ્પસમાં યોજાયેલા સૂર્યયાગ અને સત્સંગમાં ગુજરાત અને ગુજરાત બહારથી સંતો - મહંતો પધાર્યા હતા, આશીર્વાદ પાઠવ્યા હતા અને મહાનુભાવોએ શુભકામના પાઠવી હતી. અહીં મંદિરમા અને કાર્યાલયમા હનુમાનજી મહારાજની શબ્દ વંદના અવિરત વહેતી રહે છે. જેને કારણે એક નોખી અનુભૂતિ થાય છે.

સત્સંગ - સેવા - સ્મરણ અને શિક્ષણની આ ભૂમિમાં સ્વ અને સમાજલક્ષી વિદ્યાર્થી ઘડતરનું ઉમદા કાર્ય થઈ રહ્યું છે.

અંદાજે ૩૦ એકરથી વધુ જમીનના પ્રાકૃતિક, આધ્યાત્મિક સંકુલમાં જુદી જુદી ફેકલ્ટીમાં કુલ મળીને ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેમાં આયુર્વેદ વિભાગનો પણ સમાવેશ પંચકર્મ હોસ્પિટલ સાથે થયો છે. SIR કેમ્પસ તરીકે ઓળખાતું આ સંકુલ એક અર્થમાં એજ્યુકેશન ટાઉનશીપ છે.

પૂજ્ય સત્સંગી બાપુની કથા અને સાધનાથી ઉર્જિત થયેલી આ જગ્યા અધ્યાત્મ અને શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ સ્થાન બની ગઈ છે. સત્સંગી બાપુની કલ્પનાને મૂર્ત સ્વરુપ આપવામાં ડૉ. ભરત રાવની કોઠાસુઝ, સાહસ, દીર્ઘદષ્ટિ અને સમર્પણ મહત્વના પુરવાર થયા છે.

એમણે SIR કેમ્પસમાં સાતત્યપૂર્ણ વિકાસ સાથે હિમાલય આયુર્વેદ પંચ ખર્મ હોસ્પિટલ દ્વારા આસપાસના વિસ્તારના અને બહારથી આવનારા લોકો માટે આરોગ્ય સારવારના નૂતન દ્વાર અહીં ખોલી આપ્યા છે.

આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ જે જીવનશેલી, માણસની પ્રકૃતિ, બાહ્ય પ્રકૃતિ પર આધારિત છે. માત્ર શરીર નહિ, મનની પણ સારવાર કરે છે. ભગવાન ધન્વન્તરી જેના જનક છે અને સુશ્રુત જેવા અનેક વિદ્વાનોનો જ્ઞાન સાગર જેમાં સમાયેલો છે. એવી આયુર્વેદ પદ્ધતિમાં અનેક ઉપચારો છે જે આપણા શરીરના રોગોનો મૂળમાંથી નાશ કરે છે. આચાર્ય ચરક મુની આ પદ્ધતિના પ્રથમ ચિકિત્સક મનાય છે. આયુર્વેદની એક પરંપપરા પંચકર્મની રહી છે. જેમાં ૨૯ રીતે દર્દીઓનો ઈલાજ થાય છે. આયુર્વેદ જેમાં જીવન અને દીર્ઘ આયુનું જ્ઞાન સમાયેલું છે. વાંચીએ ત્યારે એમ પણ જાણવા મળે છે કે દેવતાઓની ચિકિત્સા પદ્ધતિ રહી છે આયુર્વેદ. આયુર્વેદના પ્રમુખ આઠ અંગો છે અને કાળ વિભાજન મુજબ આયુર્વેદનો ઈતિહાસ સંહિતાકાળ, વ્યાખ્યાકાળ અને વિવૃત્તિકાળ એમ ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. આજકાલ હવે વધુને વધુ લોકો દેશ-વિદેશમાં આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિ તરફ વળી રહ્યા છે.

શાસ્ત્રોમાં કહેવાયું છે કે આયુર્વેદ તો જગતને દરિયો વલોવવાની મહેનત વિના સાંપડેલું સાક્ષાત અમૃત છે.

સાધુવૃત્તિ ધરાવનારા વૈદ્યોને આપણને આપેલી આ અણમોલ ભેટના અજવાળા આપણે ઝીલીએ...

# કોઈનો પ્રેમ કદી ઓછો હોતો નથી આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે

આજે ૨૦૧૫માં આવેલી તમિલ ફિલ્મ ‘‘ઓકે કાનમની’’થી લેખનો આરંભ કરી રહ્યો છું. મણિરત્નમની આ સુંદર ફિલ્મ તમિલમાં જ સબ-ટાઈટલ સાથે જોઈ હતી, અને પ્રકાશરાજનાં અદ્ભૂત અભિનયથી આ ફિલ્મ પ્રેક્ષણીય બની હતી. આજ-કાલ લીવ-ઈન રીલેશનશીપના નામે જે રીતે સ્વતંત્રતાને સ્વચ્છંદતામાં ફેરવાઈ જાય તે હદે છાકટાઈ વધી ગઈ છે ત્યારે અને જવાબદારીઓથી છટકવાની છીંડાબારી શોધતી નવી પેઢીની આછકલાઈ સાથે જૂની પેઢીની દેખાડા વગરની પ્રેમભરી લગ્નજીવનની દુનિયા દર્શાવવામાં આવી છે. આ જ ફિલ્મને મણિરત્નમના શિષ્ય શાદ અલિએ ૨૦૧૭માં હિન્દીમાં ફરી બનાવી પરંતુ આદિત્ય રોય કપૂર, શ્રદ્ધા કપૂર અને નસીરિદ્દીન શાહ જેવા કલાકારો હોવા છતા અસલ ફિલ્મ જેવો જાદુ આ ફિલ્મ બનાવી શકી ન હતી.

દુનિયામાં કશું જ શાશ્વત નથી. કશું જ કાયમ રહેતું નથી. મોસમ બદલાય છે. સાગરમાં ભરતી પછી ઓટ આવે છે. પત્રપુષ્પથી શોભતી વસંતનું સ્થાન નિષ્પર્ણ શિશિર લે છે તેમજ સંબંધમાં પણ બદલાવ આવે છે. પ્રારંભના સુંદર રોમાંચક સંબંધને ધીમે ધીમે વાસ્તવિકતા સ્પર્શવા માંડે છે. સંબંધનું સ્વરૂપ ધીમે ધીમે જટિલ થતું જાય છે. કારણ કે, પતિપત્ની વચ્ચેનો સંબંધ ખૂબ ગાઢ અને વિરલ હોય છે. એટલે જ કદાચ એ નિભાવવો મુશ્કેલ હોય છે. આપણે બધાં સામાન્ય રીતે એવું માનતા હોઈએ છીએ કે દામ્પત્યસંબંધ પારંપારિક રીતે જો જાળવી ન શકીએ તો એ આપણાં જીવનની નિષ્ફળતા અને કરુણતા જ કહેવાય. એટલે આ સંબંધમાં કોઈ પણ ચડાવ-ઉતાર આવે કે એમાં શુષ્ક બદલાવ આવે તો આપણને એ ગમતું નથી. આપણે એનાથી ડરી જઈએ છીએ. આપણે ખોટાં મૂલ્યો, ખ્યાલો અને આદતોના ઘટ્ટ માનસિક આવરણના બોજા નીચે જીવતાં હોઈએ છીએ. ખરી વાત તો એ છે કે આપણાં માનસ પર છવાયેલાં આ આવરણને આપણે ધીમે ધીમે દૂર કરવાનું હોય છે. દામ્પત્યજીવનમાં એક પછી એક વર્ષો વીતતાં જાય છે. સ્ત્રી અને પુરુષ બન્ને પોતપોતાની ભૂમિકામાં પરોવાઈ જાય છે. પુરુષ વ્યવસાયમાં, કારકિર્દીમાં અને બહારની દુનિયામાં વ્યસ્ત રહે છે. સ્ત્રી એની પારંપારિક ગૃહિણી અને માતાની ભૂમિકામાં, ઘરસંસારમાં અને કુટુંબમાં ખૂંપી જાય છે. આ હવે એમની નવી ભૂમિકા છે.

પરિચય અને પરિણયના પ્રારંભિક કાળમાં જે સંબંધ ખૂબ જ આત્મીયતાનો અને ઓતપ્રોતતાનો હતો. એનું સ્થાન આ નવી જવાબદારીભરી ભૂમિકાનો સંબંધ લેવા માંડે છે. સ્ત્રી બાળકોના લાલનપાલનમાં અને પુરુષ પોતાનાં કુટુંબના નિર્વાહના કામમાં, સમાજમાં પોતીકું સ્થાન ઊભું કરવામાં અને સત્તા અને સંપત્તિ મેળવવા પાછળ લાગી જાય છે. પરંતુ બન્નેને જીવનમાં કશુંક ખૂટતું લાગે છે. કશીક ઊણપ લાગે છે. એમને થાય છે કે એમના શરૂઆતના સંબંધમાં જે એક સુંદર મધુર તત્વ હતું તે ક્યાં ગયું ? બન્ને એને ઝંખે છે, પણ આ સાથે એક બીજી વાત વિચારવાની જરૂર છે. સ્ત્રી અને પુરુષ મનુષ્ય તરીકે સમાન પરંતુ બન્નેની મૂળભૂત જરૂરિયાતો અલગ અલગ હોય છે. પુરુષને બહારના જગતમાં સક્રિય સર્જનાત્મક રહેવાની તક સ્ત્રી કરતાં વધારે હોય છે, જ્યારે સ્ત્રીને અંગત સંબંધોની વધુ તક હોય છે. આધુનિક નારીને લાગે છે કે એની આટલી જ ભૂમિકા અને કાર્યક્ષેત્ર એને માટે પૂરતું નથી. એનું પોતીકું કંઈક કહી શકાય — કંઈક પોતાને કરવાનું હોય એનો સંતોષ એને આ મર્યાદિત ભૂમિકામાં મળતો નથી. પુરુષને અંગત સંબંધની ઉષ્માની ઊણપ લાગે છે. બન્ને એકબીજાંની અલગ અલગ જરૂરિયાત સમજી શકતાં નથી, ત્યારે બન્ને દુઃખી થાય છે. એમને થાય છે કે એમની વચ્ચે એક સરસ ઋજુ સંબંધ નિર્માણ કરવામાં એમનું લગ્નજીવન નિષ્ફળ ગયું છે. એમની વચ્ચેનો મનમેળ જતો રહ્યો છે. એમનું દામ્પત્યજીવન નીરસ અને શુષ્ક થઈ ગયું છે. બન્ને ખોવાઈ ગયાં છે. સાથે રહેવા છતાં જાણે કે એકબીજાથી વિખૂટાં પડી ગયાં છે. પહેલાનું એ ખળખળ વહેતું પ્રેમનું ઝરણું કેમ સુકાઈ ચાલ્યું ?

આ સ્થિતિમાં પતિપત્ની ક્યારેક અલગ થઈ જાય છે. એમને સમજાતું નથી કે આમ કેમ બની રહ્યું છે. આ પરિસ્થિતિ માટે બન્નેને સામી વ્યક્તિ જ દોષિત લાગે છે. સામી વ્યક્તિને પારખવામાં પોતે થાપ તો નથી ખાઈ ગયા ને ?

માણસને પોતાની જાતને પામવી હોય છે બીજાના પ્રેમમાં. પરંતુ આ શક્ય નથી. પોતાની જાતને ઓળખવાથી જ સ્વત્વ પ્રાપ્ત થાય છે. કોઈક પ્રકારની સર્જનાત્મક પ્રવૃત્તિમાં પડે છે ત્યારે જ માણસને પોતાની શક્તિ પુનઃપ્રાપ્ત થાય છે. મૂરઝાતા જતા સંબંધની સમસ્યાના ઉકેલમાં કદાચ આ મદદરૂપ થાય. જીવનની વાસ્તવિકતાના ભાર નીચે પ્રીતિનો જે નાજુક છોડ મૂરઝાઈ જાય છે તેને નવપલ્લિત કરી શકાય ? દામ્પત્યના મધ્યાંતરે આવી નાજુક પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે. દામ્પત્યજીવનના નાટકનો પ્રથમ અંક પૂરો થાય છે. પરિણીત જીવનના બે-અઢી દાયકામાં પ્રવૃત્તિઓનું ઘમસાણ હોય છે. એક પછી એક જવાબદારીઓ વધતી જાય છે. સંતાનોનો ઉછેર, શિક્ષણ, કારકિર્દી અને લગ્ન. આ બધાં કામોમાં ફુરસદ જ ક્યાં મળે છે ? જીવનમાં કશુંક પ્રાપ્ત કરવા માટે, સંસારનો માળો રચવા માટે કેટલો સંઘર્ષ કર્યો હતો ! આ પરિસ્થિતિમાં બેને નિરાંતે બેસવાનો સમય ક્યાં હતો ! એ વખતે સંબંધો જાળવવા, ખીલવવા ખૂબ મુશ્કેલ હોય છે. આ બધું પતિપત્નીને એકબીજાથી દૂર કરે છે. પ્રણયસંબંધના પ્રારંભમાં એ બે વચ્ચે જે ‘હીં’હી સંબંધ હતો તે રહેતો નથી. હવે આ બધી જવાબદારીઓ — મહત્ત્વાકાંક્ષાઓ ઘણી ઓછી થઈ ગઈ હોય છે. પતિપત્નીને મૂરઝાયેલા સંબંધને પુનર્જીવિત કરવાનો હવે અવકાશ મળે છે. એ સંબંધને એક નવું પરિમાણ આપવાનું હોય છે. નવો આયામ આપવાનો હોય છે. એમ જ કહોને કે હવે નવો યુગલધર્મ આચરવાનો હોય છે. આજ્ઞાંકિતતા, સ્પર્ધા અને સ્વામિત્વ નહિ, પણ બન્ને વચ્ચે બે માનવ વ્યક્તિઓનો બંધન — દબાવ કે તાણ વગરનો મૈત્રીભર્યો સંબંધ હોય !




સાતત્ય એટલે જ લગ્ન, પરંતુ સાતત્યનો અર્થ એ નથી કે એ પ્રેમનું સ્વરૂપ એક સરખું જ રહે.

Love is something that gathers strength with patience, grows despite obstacles, warms in winter, flourishes in spring, casts a breeze in summer and bears fruit in autumn. I found love.’

– Khalil Gibran

ખલિલ જિબ્રાન કહે છે તેમ, પતિપત્ની બન્ને એકબીજાંની સામે જોતાં બેસી રહે તેમાં જ પ્રેમ સમાપ્ત થતો નથી. એક રોટલો હોય અને બન્ને સાથે બચકું ભરે તે બરાબર નથી. બન્નેએ સાથે વહેંચીને ખાવાનો છે. ખલિક જિબ્રાને આગળ કહ્યું છે : ‘સાથે ગાજો અને નાચજો તથા હર્ષથી ઊભરાજો. પણ બેઉ એકાકી જ રહેજો, જેમ વીણાના તારો એક જ સંગીતથી ગૂંજતા છતાં પ્રત્યેક છૂટો હોય છે તેમ ! સાથે ઊભાં રહેજો પણ એકબીજાંની અડોઅડ નહિ, દેવદાર અને સાગ એકબીજાંની છાયામાં ઊગતાં નથી.’

**હવા ભી બેકસૂર ઔર દિયા હી બેકસૂર !**
**એક કો જલના હૈ જરૂરી, ઔર દૂસરે કો જલના હૈ જરૂરી..**

શીર્ષક પંક્તિ : શ્રી હરીન્દ્ર દવે

- jayuoza@gmail.com, Mo.9898046488

## અનેક અભાવોમાં વસતા નેસડાના લોકોનો ભાવસભર સત્કાર ગીરની આગવી ઓળખ છે

# ‘ચારણ કન્યા’ હિરબાઈનો પરિવાર અને ખજૂરી નેસ આજે ક્યાં છે?

ચૌદ વરસની ચારણ કન્યા
ચૂંદડીવાળી ચારણ કન્યા
બાળી ભોળી ચારણ કન્યા
લાલ હીંગોળી ચારણ કન્યા
હાથ હિલોળી ચારણ કન્યા
પાછળ દોડી ચારણ કન્યા
સિંહણ તારો ભડવીર ભાગ્યો
રણ મેલીને કાયર ભાગ્યો
ડુંગરનો રમનારનો ભાગ્યો
મોટો વીર મૂછાળો ભાગ્યો
જોગીનાથ જટાળો ભાગ્યો
નર થઈ તું નારીથી ભાગ્યો.



ઝવેરચંદ મેઘાણીની આ અમર રચનાને નેવુ વર્ષના વાણા વાઈ ગયા. છતાં હજુ આજે પણ ઝવેરચંદ મેઘાણીભાઈની ‘ચારણ કન્યા’ જ્યાં જ્યાં, જ્યારે જ્યારે ગવાય છે ત્યારે રૂંવાડા ખડા થઈ જાય છે. ઝવેરચંદ મેઘાણી ગુજરાતનું એવું ઘરેણું છે કે, એનો કોઈ મોલ કે તોલ નથી. ગીર પ્રદેશના પહાડો, ખીણો, નદી-નાળા, ગામડા અને નેસડાઓમાં મેઘાણીભાઈ મનમૂકીને મહાલ્યા છે. જે વિસ્તારોમાં આજે ફોર વ્હીલર લઈને માંડ પહોંચી શકાય એનાથી પણ દુર્ગમ સ્થળોએ આઠ નવ દાયકાઓ પહેલાં ગીરના પ્રગાઢ જંગલ મેઘાણીભાઈ ઘોડા ઉપર કે પગે ચાલીને ખુંદી વળ્યા છે. બાળપણથી મેઘાણીની ચારણ કન્યા રચના મારા માનસપટ ઉપર જબરજસ્ત રીતે કોતરાયેલી છે. લોક કલાકારોના મુખે જ્યારે જ્યારે ચારણ કન્યા સાંભળું ત્યારે હું મંત્રમુગ્ધ બની જાઉં છું. વર્ષોથી મનમાં ગાંઠ વાળી હતી કે જીવનમાં એકવાર એ જગાએ જવું છે, જ્યાં ઝવેરચંદ મેઘાણીએ ચારણ કન્યાની વીરતા નજરે જોઈને એને શબ્દે કંડારી છે.

મેઘાણીના શબ્દોમાં સંવેદના અને સચ્ચાઈનો રણકો એટલે લાગે કે, એમણે પ્રત્યેક વાતને હદયથી મહેસૂસ કરી છે, નજરે નિહાળી છે. કદાચ એટલે જ એમની લેખીનીમાં અદભુત તાકાતના દર્શન થાય છે. એમના વર્ણનો વાંચતા એમ લાગે કે, આપણી સામે જ ઘટના ઘટી રહી છે. હિરબાઈ નામની ચૌદ વર્ષની પહાડી દીકરીની હિંમત અને તાકાતને વર્ષ ૧૯૨૮ની આસપાસ મેઘાણીએ નજર સામે જોઈ. સિંહના મોઢામાં વાછડીને મૂકાવનારી આ ભડવિરાંગનાની વાત મેઘાણીએ શબ્દે કંડારી ચારણ કન્યા ગીતના માધ્યમથી સૌરાષ્ટ્ર અને ગીર પ્રદેશની ખુમારીને દેશ અને દુનિયા સામે રજૂ કરી છે.

ખજૂરી નામના નેસમાં જ્યારે આ ઘટના બની ત્યારે મેઘાણીભાઈ સાથે દુલાભાયા કાગ પણ હતા. કવિ કાગે આ અંગે લખ્યું છે કે, ‘તુલસી શ્યામથી બે ગાઉ અમે ખજૂરીને નેસડે હતા. ત્યાં રીડ થઈ. સાવજ ડણક્યો. હાકોટા થાવા માંડ્યા. રોળકોળ વેળા થઈ હતી. ખાંડુ-ધણ ઝૂંપડે આવતાં હતાં. તેમાંથી હીરબાઈ કરી એક ચારણ બાઈની વોડકીને સાવજે પાદરમાં જ પાડી. અમે બધા દોડ્યા. વીસેક જણ હતા. જ્યા ધાર માથે ચડ્યા ત્યાં હીરબાઈ ક્યારની યે ત્યાં પહોચી ગઈ હતી. મરેલી વોડકી પર એ ચારણ કન્યા ચડીને સાવજ સામે સોટો વીંઝતી હતી. સાવજ બે પગે સામે થઈ હોંકારા કરતો હતો. બાઈ સાવજના ફીણથી નાહી રહી, પણ ગાયને ચારણી બાઈએ સાવજને ખાવા ન દીધી. એ વખતે ‘ચારણ કન્યા’ ગીત મેઘાણીભાઈ કાગળ-કલમ સિવાય રચીને ગાવા લાગ્યા. એમનું શરીર જાગી ઊઠ્યું. આંખો લાલ ધ્રામેલ ત્રાંબા જેવી થઈ ગઈ. એ પણ સાવજ તરફ દોડવા લાગ્યા. અમે એમને માંડ માંડ પકડી રાખેલા.’

આ અમર ગીત અને એની પાછળના કાળજુ કંપાવી મુકે એવા આ દ્રષ્યની કહાનીનો ઘણી જગાએ ઉલ્લેખ જોવા મળે છે. આજે આ ખજૂરી નેસ અને હીરબાઈ ક્યાં છે ? આ પ્રશ્ન હું વર્ષોથી મનમાં મમળાવતો હતો. લલીતભાઈ ખંભાતીયાના એક લેખમાંથી જાણવા મળ્યું કે, અમરૂભાઈને બે દીકરીઓ એક હીર, બીજી કુંવર અને બે દીકરા પાલણ અને હરદાન. સતિયા શાખનુ આ ચારણ પરિવાર. આજે હીરબાઈનું પરિવાર ધાડાવડી નેસમાં રહે છે.

‘નેસડો’ શબ્દ આવે એટલે મોટાભાગના લોકોને સમજ ઓછી પડે કે આ નેસ એટલે શું છે. આજે ગીર પ્રદેશમાં ૫૪ જેટલા નેસડા છે. આઠ-દસ દાયકા પહેલા એક જમાનામાં અહીં સાડા ચારસો પાંચસો નેસડા હતા. એ પૈકીનો એક ખજૂરી નેસ હતો. નેસડામાં કુદરતના ખોળે મસ્તીથી જીવન જીવાય. પારાવાર હાડમારી મોઢું ફાડીને રોજે રોજ ઊભી જ હોય એ પણ એટલું જ સત્ય છે. ઘાસ અને ગારના લીંપણથી બનાવેલી દીવાલો અને ફર્શ, થોડા ઘણા પથ્થર અને માટીથી બનાવેલી દીવાલો અને ઓટલા એટલે નેસના ઘરો. એક નેસમાં સાત, આઠ કે દસ પરિવારોના મકાનો હોય અને ગાય-ભેંસને રાખવાની વાડી હોય. વાડીને ફરતે ચાર-પાંચ ફૂટ ઊંચી કાંટાળી વાડ બનાવી હોય.

તુલસી શ્યામથી ત્રણ ચાર કિલોમીટર દૂર પ્રગાઢ જંગલમાં આવેલા ખજૂરી નેસમાં જવા માટે દુર્ગમ રસ્તા ઉપર થઈને ઘોડાવડી નદી પાર કરવી પડે. આજે પણ ખજૂરી નેસમાં જાવ ત્યારે ત્યાં વસતા નનાભાઈ અતા અને એમના દીકરાઓનો લાગણીભીનો આવકાર હૃદયમાં ઊંડે સુધી ઊતરી જાય. ખજૂરી નેસમાં અત્યારે જમાના પ્રમાણે થોડી ઘણી આધુનિકતા ચોક્કસ દેખાય પણ નેસડાનો મૂળ આત્મા અનુભવવાનો આનંદ જરૂર થાય. નનાભાઈ એમના પરિવાર અને માલઢોર સાથે વર્ષ ૧૯૭૧ સુધી જંગલમાં વિચરણ કરતા હતા. વર્ષ ૧૯૭૧ પછી ખજૂરી નેસમાં એ સ્થાયી થયા. ગીરના તમામ નેસડાઓનો મુગટ ખજૂરી નેસ છે. નાના અતાના દીકરા ભગવાનભાઈના મતે વર્ષો પહેલા ઘોડાવડી નદી પાસે ‘હેઠલી ખજૂરી’ અને થોડા ટેકરા ઉપર ‘ઉપલી ખજૂરી’ એમ બે ખજૂરી નેસ હતા.




નનાભાઈના પિતાજી માણસુર દાદા અને માતા સુમલબહેન જેવા વડીલોના મુખે ખજૂરી નેસ અને હીરબાઈની કહાની એમની બીજી પેઢી સુધી પહોંચી છે. નના અતાના દીકરા ભગવાનભાઈના મતે નેસડાના અભાવો કરતા ગીર ભૂમિનો પ્રેમ અને કુદરતના ખોળે જીવવાનું આકર્ષણ નેસડામાં પેઢી દર પેઢી આજીવન રહેવાની તમન્ના વધુ ને વધુ મજબૂત બનાવે છે. ભગવાનભાઈ કહે છે કે, અમે તો માલધારીઓ છીએ ભેંસો ચરાવવા જતા રોજ સાવજનો ભેટો થઈ જાય છે. હીરબાઈ જેવી કેટલીય બાળાઓ રોજે રોજ સિંહ સામે આજે પણ થતી હશે.

ખજૂરી નેસમાં દેશ-વિદેશના કેટલાય સહેલાણીઓ આવે છે. નના અતા અને એમના દીકરાઓ ભગવાનભાઈ અને એમના બે ભાઈઓ રોજ આવતા મહેમાનોની દિલથી આગતા સ્વાગતા કરે છે. એમને રોટલા, કઢી, લસણની ચટણી અને તાજુ દૂધ આપી તૃપ્ત કરતાં આનંદ અનુભવે છે. નના અતાના નેસડાની મુલાકાતે જનારને કાઠીયાવાડની પેલી જાણીતી બે પંક્તિઓની સાર્થકતા સુપેરે સાંપડ્યા વગર ન રહે. ‘કાઠિયાવાડમાં કોક દિ, ભૂલો પડ ભગવાન, તું થા મારો મહેમાન, તને સરગ ભુલાવુ શામળા...’ અનેક અભાવોમાં નેસમાં વસતા લોકોનો ભાવસભર સત્કાર એમની આગવી ઓળખ ઉભી કરે છે. અહીંના લોકોને હજુ બહુરંગી જમાનાની કોઈ આડ અસર થઈ નથી. ગીર પ્રદેશમાં એક સાવજ અને બીજુ અહીંની મહેમાનગતી આ બે એવી બાબત છે કે, સહેલાણીઓને વારંવાર ગીર આવવાનું મન થાય છે.

બેક ટુ મેઘાણીભાઈ. જેમણે દિવસ રાત ચારણો અને નેસડાઓ ખુંદ્યા છે એવા મેઘાણીભાઈએ ચારણી સાહિત્યના કેટલાય તળપદા શબ્દો કે જેના અર્થ કવિઓ અને વયસ્ક ચારણો નથી સમજી શક્યા એવા શબ્દોની સાચી સમજ આપી છે. કાકા સાહેબ કાલેલકરે મેઘાણીભાઈ માટે લખ્યું છે કે, ‘ઝવેરચંદ મેઘાણી વધારે જીવ્યા હોત તો સાહિત્યની ઘણી સેવા કરત. ઘણું જીવવાનો એમનો અધિકાર હતો.’ મહાત્મા ગાંધીની ગોળમેજી પરિષદ માટેની લંડન યાત્રા વેળા મેઘાણીભાઈએ ‘ઝેરનો કટોરો’ કાવ્ય માત્ર એક કલાકમાં લખી નાખ્યું હતું. એ સમયે મેઘાણીભાઈ જેલમાં હતા. બાપુએ જ્યારે ‘ઝેરનો કટોરો’ પાછળથી વાંચ્યું ત્યારે મેઘાણીને ‘રાષ્ટ્રીય શાયર’ કહ્યાં. દેશપ્રેમ અને સાંસ્કૃતિક સંવેદના મેઘાણીભાઈના શબ્દે શબ્દમાં નિતરે છે. ગીર જંગલમાં ખજૂરી ઉપરાંત બથેશ્વર, બાખરીયા, પાપટડી, દોઢી, આસુન્દ્રાણી, મેરીયા, સરાકડીયા જેવા ૫૪ જેટલા નેસડામાં માલધારીઓ મોજથી કુદરતી વાતાવરણમાં સાવજની સાથે જંગલમાં રહે છે. અભાવોમાં પનપતી આ ભાવસભર જીવનની કહાની માણવા જેવી હોય છે. ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી ઉજવાઈ રહી છે ત્યારે હિરબાઈ અને ખજૂરી નેસનો રોમાંચકારી ઈતિહાસ યાદ આવ્યા વગર ન રહે. સલામ છે, ગુજરાતના રાષ્ટ્રીય શાયર મેઘાણીભાઈને, ધન્ય છે ગીરની ભૂમીને કે જ્યાં હીરબાઈ જેવા ખમીરવંતા લોકો વસે છે, ધન્ય છે ખજૂરી જેવા નેસડાઓમાં વસતા ભલા, ભોળા, પાક-સાફ, સંવેદનાસભર ચારણ અને રબારી ભાઈ બહેનોને...

**ધબકાર :**

**અભાવોના અંબાર વચ્ચે પણ ભાવમાં તસુભાર કમી ન લાગે એનુ નામ મનની મોજ.**